-: જાહેરનામુ :-

∞ ∞ ∞ ગુજરાત પોલીસ એક્ટ કલમ-૩૩(૧) (આઇ) (એલ) અન્વયે બહાર પાડેલ જાહેરનામું ∞ ∞ ∞

નંબર : વિ.શા./જાહેરનામું/એ-સેકશન/પરમીટ/ ૧૮૯/૨૦૧૯.

હુકમ :-

(૧) પશુપાલન નિયામકશ્રી, પશુપાલન નિયામકની કચેરી, કૃષિ ભવન, ગુજરાત રાજ્ય, ગાંધીનગરના પત્ર ક્રમાંક:જાનં-એપી/વીઇટી-૪/૩૪૩૫-૩૯/૨૦૧૯ તા.૦૧/૦૮/૨૦૧૯ તેમજ (૨) નાયબ પશુપાલન નિયામક, જીલ્લા પંચાયત, અમદાવાદ શહેર, પશુપાલન નિયામકશ્રીની કચેરીના તા.૦૯/૦૮/૨૦૧૯ પત્રમાં જણાવેલ ગોમતીપુર વિસ્તારમાં એક અશ્વમાં ગ્લેન્ડર નો પોઝીટીવ કેસ આધારે.

આ ગ્લેન્ડર રોગ ખાસ કરીને અશ્વ કુળના પશુઓ એટલે કે, અશ્વ (ઘોડા), ખચ્ચર અને ગદર્ભમાં મુખ્યત્વે જોવા મળતો જુનો રોગ છે. આ રોગ ચેપી છે. જે વિસ્તારમાં રોગ જોવા મળે અને અશ્વની વિશેષ હેર-ફેર થતી હોય તેવા વિસ્તારના પશુમાં રોગનુ મહત્વ વધી જાય છે. રોગ તીવ્ર અથવા દીર્ઘકાલીન પ્રકારે જોવા મળે છે અને ખાસ કરીને અશ્વ(ઘોડા) ખચ્ચર અને ગદર્ભમાં આ રોગ તીવ્ર પ્રકારે જોવા મળે છે અને આ રોગ અસ્વચ્છ અને ખરાબ પરીસ્થિતીમાં રાખવામાં આવતા નબળી તંદુરસ્તી ધરાવતા અશ્વને આ રોગ થવાની શક્યતા વિશેષ રહે છે. આ રોગ બરખોલ્ડેરીયા મેલીયાઇ નામના જીવાણુંથી આ રોગનાં જંતુ સામાન્ય રીતે પ્રકાશ, ગરમી અને જંતુનાશક દવાની અસરથી સંવેદનશીલ છે. ભાગ્યે જ છ અઠવાડીયાથી વધારે ચેપગ્રસ્ત વાતાવરણમાં જીવી શકે છે. ભેજવાળા વાતાવરણમાં રોગના જંતુ લાબો સમય જીવી શકે છે અને ચેપ ધરાવતા પશુ રોગમાંથી ઉગરી ગયેલ પશુ મુખ્યત્વે રોગના જંતુ ફેલાવા માટે જવાબદાર હોય છે અને આ રોગની કોઇ રસી (દવા) ઉપલબ્ધ નથી. રોગીષ્ટ પશુ જોવા મળે ત્યારે રોગનો ફેલાવો અટકાવવા માટે આવો રોગ જે પશુને થયેલ હોય તેને મારી દાટી દેવામાં આવે છે અને આ ગ્લેન્ડર રોગનુ ઝુનોટીક મહત્વ (મનુષ્યમાં પણ ફેલાય તેમ) હોય જેથી આ રોગને અટકાવવા તેના ઉપર પ્રતિબંધ મુકવો અનિવાર્ય છે.

વાસ્તે હું એ.કે સિંઘ , પોલીસ કમિશનર, અમદાવાદ શહેર, ગુજરાત પોલીસ અધિનીયમ કલમ ૩૩(૧) (આઇ) (એલ) થી મને મળેલ સતાની રૂએ નીચે મુજબના કૃત્યો અંગે આદેશ હુકમ બહાર પાડવામાં આવેલ છે.

∞ ∞ ∞∞ અમલવારીનો સમય ∞ ∞ ∞ ∞

**તા.૦૧/૧૦/૨૦૧૯ ના કલાક ૦૦/૦૦ થી તા.૧૫/૧૦/૨૦૧૯ ના કલાક ૨૪/૦૦ સુધી અમલમાં રહેશે.**

∞ ∞ ∞∞ પ્રતિબંધીત વિસ્તાર ∞ ∞ ∞∞

અમદાવાદ શહેર પોલીસ કમિશ્નરની હકુમત હેઠળના સમગ્ર વિસ્તાર.

∞ ∞ ∞∞ ફરમાવવામાં આવે કૃત્યો ∞ ∞ ∞∞

(૧) જે કોઇ વ્યક્તિ પોતે અશ્વ (ઘોડા), ખચ્ચર અને ગદર્ભ પાળેલ હોય તેને આ તકે તાત્કાલીક પશુ ચિકિત્સા કેન્દ્ર (પશુ દવાખાના) મારફતે ચેક-અપ કરાવવા અને પાળેલ પશુ રોગીષ્ટ નથી તેવુ પ્રમાણપત્ર મેળવવાનું રહેશે અને તેની પશુ ચિકિત્સાલય ખાતે નોંધ કરાવવાની રહેશે અને અશ્વ (ઘોડા), ખચ્ચર અને ગદર્ભને આ પ્રકારના રોગ જાહેર થયેલ હોય તો પશુ ચિકિત્સા કેન્દ્રની સુચના મુજબ કાર્યવાહી કરવાની રહેશે.

(૨) જે કોઇ વ્યક્તિ પોતે અશ્વ (ઘોડા), ખચ્ચર અને ગદર્ભ પાળેલ હોય તેના માલીકે તાત્કાલીક ઉપરોક્ત પશુઓને રાખવાનુ (બાંધવાની ગમાણ) અને તેની આજુબાજુના વિસ્તારમાં જરૂરી તમામ સાફ-સફાઇ અને પશુ ચિકિત્સા કેન્દ્ર ખાતેથી મળેલ સુચના પ્રમાણે રોગપ્રતિકારક દવાનો છંટકાવ કરવો અને તે મુજબ સારવાર કરવી.

(૩) જે કોઇ વ્યક્તી પોતે અશ્વ (ઘોડા), ખચ્ચર અને ગદર્ભ પાળેલ હોય તેને આ તકે તાત્કાલીક પશુઓને આપવામાં આવતા ખોરાક તેમજ પાણી અંગે પણ શુધ્ધતા રાખી અને પશુ ચિકિત્સા કેન્દ્ર ખાતેથી મળેલ સુચના પ્રમાણેનો ખોરાક તેમજ પાણીની વ્યવસ્થા કરવી.

(૪) જે કોઇ વ્યક્તી પોતે અશ્વ (ઘોડા), ખચ્ચર અને ગદર્ભ પાળેલ હોય તેને આ તકે જો નબળા તેમજ અશક્ત પશુઓને જાહેર જગ્યાએ જેવા કે, શહેરમાં માનવ વસ્તીની અવર-જવર હોય તેવા જાહેર બાગ-બગીચા તેમજ હરવા-ફરવાના સ્થળોએ લઇ જવા નહી કે રાખવા નહી.

(૫) જે કોઇ વ્યક્તી પોતે અશ્વ (ઘોડા), ખચ્ચર અને ગદર્ભ પાળેલ હોય તેઓએ અસરગ્રસ્ત વિસ્તારમાંથી અશ્વ કુળના પશુઓને બહાર લઇ જઇ શકશે નહી અને આવા સ્થળોએ બહારથી લાવી શકશે નહી. અને આવા પશુઓની હેર-ફેર કરવાની જરૂરીયાત

જેમ કે, શહેરથી બહાર લઇ જવા અને બહારથી શહેરમાં લાવવાના થતા હોય તો પશુ ચિકિત્સા કેન્દ્ર ખાતેથી પ્રમાણપત્ર મેળવીને કાર્યવાહી કરવાની રહેશે.

(૬) જે કોઇ વ્યક્તી પોતે અશ્વ (ઘોડા), ખચ્ચર અને ગદર્ભ પાળેલ હોય તે પશુને આ પ્રકારના રોગ જાહેર થયેલ અને તે પશુ મરણ ગયેલ હોય તો તે પશુના શબનો નિકાલ પશુ ચિકિત્સા કેન્દ્ર તરફથી મળેલ સુચના મુજબ કરવા કાર્યવાહી કરવાની રહેશે.

∞ ∞ ∞∞ શિક્ષા ∞∞∞∞

આ હુકમનો ભંગ અથવા ઉલ્લઘંન કરનાર ગુજરાત પોલીસ અધિનીયમ ૧૯૫૧ ની કલમ- ૧૩૧ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

તમામને વ્યક્તિગત રીતે આ નોટીસની બજવણી કરવી શક્ય ન હોય આથી એકતરફી હુકમ કરુ છુઃ જાહેર જનતાની જાણ સારૂ સ્થાનિક વર્તમાન પત્ર, આકાશવાણી અને દુરદર્શન કેન્દ્ર મારફતે પ્રસિધ્ધી દ્વારા સારૂ પોલીસ સ્ટેશનના નોટીસ બોર્ડ ઉપર તથા પોલીસ ઇન્સ્પેક્ટર, મદદનીશ પોલીસ કમિશ્નર, નાયબ પોલીસ કમિશ્નર, તથા પોલીસ કમિશ્નરની કચેરીના નોટીસ બોર્ડ ઉપર હુકમની નકલ ચોંટાડી પ્રસિધ્ધી કરવામાં આવશે. ગુજરાત પોલીસ એક્ટ કલમ-૧૬૩ મુજબ પોલીસ અધિકારીઓ પણ આ હુકમની જાહેરાત કરવા અધિકૃત ગણાશે.

આજ રોજ તારીખ૨૫/૦૯/૨૦૧૯ ના રોજ મારી સહી અને સિક્કો કરી આપેલ છે.

(એ.કે સિંઘ)
પોલીસ કમિશનર
અમદાવાદ શહેર

<u>નકલ સવિનય રવાના :-</u>

(૧) અગ્ર સચિવશ્રી, ગુજરાત રાજ્ય, ગાંધીનગર, ગુજરાત સરકાર.
(૨) અધિક મુખ્ય સચિવશ્રી, ગુજરાત રાજ્ય, ગૃહ વિભાગ, ગાંધીનગર.
(૩) પોલીસ મહાનિદેશક અને મુ.પો.અધિ.શ્રી. ગુ.રા.ગાંધીનગર.
(૪) અધિક પો.મહાનિદેશકશ્રી (ઇન્ટે), ગુ.રા.ગાંધીનગર.
(૫) પોલીસ કમિશનરશ્રી સુરત, વડોદરા, રાજકોટ શહેર.
(૬) મ્યુનિસિપલ કમિશનરશ્રી, અમદાવાદ શહેર.
(૭) નાયબ મ્યુનિસિપલ કમિશનરશ્રી, દાણાપીઠ, અમદાવાદ શહેર.
(૮) કલેકટરશ્રી, અમદાવાદ શહેર.
(૯) નિયામકશ્રી માહિતી ખાતુ, ગુ.રા.ગાંધીનગર.
(૧૦) સંયુક્ત માહિતી નિયામકશ્રી બેરેક નં.૩, આંબાવાડી પોલીટેકનીક, અ'વાદ.
(૧૧) રજીસ્ટ્રારશ્રી, હાઇકોર્ટ, ગુ.રા.અમદાવાદ શહેર.
(૧૨) રજીસ્ટ્રારશ્રી, સિવિલ અને સેશન્સ કોર્ટ, અમદાવાદ શહેર.
(૧૩) રજીસ્ટ્રારશ્રી, સેશન્સ કોર્ટ, મીરજાપુર, અમદાવાદ શહેર.
(૧૪) ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટશ્રી, અમદાવાદ શહેર.
(૧૫) સિનિયર સરકારી વકીલશ્રી, અમદાવાદ શહેર.
(૧૬) ખાસ/સંયુક્ત/અધિક પોલીસ કમિશનરશ્રી,સેકટર-૧,૨/ક્રાઇમ બ્રાન્ચ/મુખ્ય મથક/ટ્રાફીકશાખા,અ,વાદ શહેર.
(૧૭) તમામ નાયબ પોલીસ કમિશનરશ્રી, અમદાવાદ શહેર.
(૧૮) નાયબ પોલીસ કમિશનરશ્રી(ઇન્ટે.), અમદાવાદ શહેર.
(૧૯) મેનેજરશ્રી, ગવર્મેન્ટ પ્રેસ અને સ્ટેશનરી ડીપાર્ટમેન્ટ વડોદરા તરફ ગેજેટ ભાગ-૧માં પ્રસિધ્ધ કરવા સારૂં તેમજ પાંચ નકલો અત્રે વિશેષ શાખાને મોકલી આપવી.
(૨૦) તમામ મદદનીશ પોલીસ કમિશનરશ્રીઓ, અમદાવાદ શહેર.
(૨૧) જનસંપર્ક અધિકારીશ્રી, (સ્થાનિક વર્તમાન પત્રો તેમજ આકાશવાણી અને દુરદર્શન કેન્દ્ર ઉપરથી જાહેરાત કરવા સારૂં.)